सत्यं शिवं सुन्दरम्

A Synopsis
of The Thesis to be Submitted for
**Ph. D. Degree in Gujarati**
at The Maharaja Sayajirao University of Baroda, Vadodara

ધ મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી ઑફ બરોડા, વડોદરા
ગુજરાતી વિષયમાં પીએચ.ડીની પદવી માટે રજૂ થનાર શોધનિબંધની રૂપરેખા.

**Research Topic for Ph. D.**

"A Critical study of The Criticisms on SARASWATICHANDRA Written by Govardhanram Tripathi."

”ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર'નાં વિવેચનો : સમીક્ષાત્મક અભ્યાસ“


**પ્રસ્તુતકર્તા**
ભરવાડ રાઘવભાઈ હરિભાઈ
Bharvad Raghavbhai Haribhai

**માર્ગદર્શકશ્રી**
પ્રૉ. રાજેશ એ. પંડ્યા
Prof. Rajesh A. Pandya

Department of Gujarati
Faculty of Arts
The Maharaja Sayajirao Unniversity of Baroda
vadodara


October - 2020

# શોધનિબંધની રૂપરેખા

સર્જન અને ભાવન એ સાહિત્યના બે બિંદુ છે. સર્જકતા અને ભાવકતા સાહિત્યકૃતિ નિમિત્તે પ્રગટે છે. સર્જનપ્રક્રિયા માત્ર સર્જક દ્વારા સાહિત્યકૃતિ રચવાથી પૂરી થતી નથી, એ સાહિત્યકૃતિનું ભાવન થાય ત્યારે અર્થાત્ ભાવનવ્યાપાર દ્વારા જ સર્જનપ્રક્રિયાનું વર્તુળ પૂરું થાય છે. ભાવક સાહિત્યકૃતિના વાચન દ્વારા એના વસ્તુને ફરીથી સંયોજિત કરે છે. ભાવક જેટલીવાર સાહિત્યકૃતિ વાંચે છે તે દરેક વખતે અર્થો, અર્થઘટનોની અલગ અલગ સંરચનાઓ રચાતી હોય છે. તે એક વાચને સાહિત્યકૃતિના મર્મને પૂર્ણ રીતે પામી શકતો નથી. દર વખતે તે નવો જ અર્થ પામે છે. ભાવનનો એક છેડો વિવેચન સુધી લંબાવી શકાય. ગુજરાતી સાહિત્યમાં જેમ ઊર્મિકાવ્ય, ટૂંકીવાર્તા, નવલકથા જેવાં સાહિત્યસ્વરૂપો પશ્ચિમમાંથી આવ્યાં છે, તેમ 'વિવેચન' સંજ્ઞા અને તજજન્ય પ્રવૃત્તિ પણ પશ્ચિમની દેન છે. અંગ્રેજીમાં જેને 'Criticism' કહેવામાં આવે છે તે સંજ્ઞા ગુજરાતીમાં 'વિવેચન' તરીકે પ્રચલિત છે. 'Criticism' શબ્દનું મૂળ ગ્રીક સંજ્ઞા'kritiko's'માં રહેલું છે. વિવેચકની સાહિત્યલક્ષી વર્ણન-વિવરણ-આસ્વાદ-અર્થઘટન-મૂલ્યાંકનની પ્રવૃત્તિ એટલે વિવેચન. સાહિત્યકૃતિનું વિવરણ, અર્થઘટન અને મૂલ્યાંકન કરવા માટે વિવેચન અનિવાર્ય છે. વિવેચનનું ક્ષેત્ર ઘણું વ્યાપક છે. કોઈ પણ વિવેચક મૂળભૂત રીતે એક ભાવક છે. એટલે સર્જાયેલી કૃતિના આસ્વાદ્ય અંશોનું ભાવન અને પછી વિવેચન કરવું તે વિવેચકનું પ્રથમ કર્તવ્ય છે. સાહિત્યસર્જન યુગે યુગે બદલાય છે, તેમ વિવેચન પણ બદલાય છે. સર્જનની સાથો સાથ ભાવન તથા વિવેચનમાં પણ અનેક પરિવર્તનો આવે છે.

મારા શોધનિબંધનો વિષય છે : 'ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર'નાં વિવેચનો : સમીક્ષાત્મક અભ્યાસ'. પ્રસ્તુત શોધનિબંધને સુનિયોજિત બનાવવા તથા દરેક પાસાંને યોગ્ય ન્યાય મળી રહે એ હેતુથી કુલ પાંચ પ્રકરણ અને ત્રણ પરિશિષ્ટોમાં વિભાજિત કરેલ છે. આ શોધનિબંધનો પ્રકરણવાર અનુક્રમ નીચે મુજબ છે :


પ્રકરણ - ૧ : કૃતિલક્ષી વિવેચન : સ્વરૂપચર્ચા

પ્રકરણ - ૨ : ગુજરાતી નવલકથા : 'સરસ્વતીચંદ્ર' પૂર્વે

૨.૧ : 'કરણઘેલો' - નંદશંકર મહેતા

૨.૨ : 'સાસુવહુની લઢાઈ' - મહીપતરામ નીલકંઠ

૨.૩ : 'મુંદ્રા અને કુલીન' - જેહાંગીરશાહ અરદેસર તાલેયારખાં

૨.૪ : 'હિન્દ અને બ્રિટાનીયા' - ઈચ્છારામ દેસાઈ

પ્રકરણ - ૩ : ગુજરાતી નવલકથા : 'સરસ્વતીચંદ્ર' પછી

(ક) 'સરસ્વતીચંદ્ર'નો પ્રભાવ ઝીલતી નવલકથાઓનો વિવેચનસંદર્ભ

૩.૧ : 'વેરની વસૂલાત' - કનૈયાલાલ મુનશી

૩.૨ : 'રાજમુગટ' - ધૂમકેતુ

૩.૩ : 'ઝેર તો પીધાં છે જાણી જાણી' - મનુભાઈ પંચોળી 'દર્શક'

૩.૪ : 'કલ્પતરુ' - મધુ રાય

(ખ) 'સરસ્વતીચંદ્ર'થી પરિવર્તન દર્શાવતી નવલકથાઓનો વિવેચનસંદર્ભ

૩.૫ : 'ગુજરાતનો નાથ' - કનૈયાલાલ મુનશી

૩.૬ 'દિવ્યચક્ષુ' - ર૦ વ૦ દેસાઈ

૩.૭ : 'સોરઠ, તારાં વહેતાં પાણી' - ઝવેરચંદ મેઘાણી

૩.૮ : 'માનવીની ભવાઈ' - પન્નાલાલ પટેલ

પ્રકરણ - ૪ : સરસ્વતીચંદ્ર'નાં વિવેચનો : બદલાતી વિભાવનાઓના સંદર્ભે

૪.૧ : 'સરસ્વતીચંદ્ર' : સંકલના અને સ્વરૂપ વિષયક વિવેચન

૪.૨ : 'સરસ્વતીચંદ્ર' : પાત્રલક્ષી વિવેચન

૪.૩ : 'સરસ્વતીચંદ્ર' : સઘન કૃતિચર્ચા

૪.૪ : 'સરસ્વતીચંદ્ર' : યુગસંદર્ભ - સાંસ્કૃતિક ચર્ચા

૪.૫ : 'સરસ્વતીચંદ્ર' : ભાષાલક્ષી વિવેચન

૪.૬ : ‘સરસ્વતીચંદ્ર’ : વિવેચનનું વિવેચન (વિશિષ્ટ ચર્ચા)

૪.૭ : ‘સરસ્વતીચંદ્ર’ અને અન્ય કૃતિઓ (તુલનાત્મક ચર્ચા)

૪.૮ : ‘સરસ્વતીચંદ્ર’ : અન્ય વિવેચનલેખો

૪.૯ : ‘સરસ્વતીચંદ્ર’ : સમગ્રલક્ષી વિવેચના

૪.૧૦ : ગોવર્ધનરામ : સર્જક વિશેષ

૪.૧૧ : ‘સરસ્વતીચંદ્ર’ : આકલન અને પ્રતિભાવ

પ્રકરણ - ૫ : ગુજરાતી સાહિત્યમાં ‘સરસ્વતીચંદ્ર’ની વિવેચન પરંપરા : નિષ્કર્ષો

૫.૧ : નિષ્કર્ષો અને તારણો

૫.૨ : ગોવર્ધનરામનો યુગ/ઇતિહાસબોધ

- સામયિકલેખ સૂચિ
- સંદર્ભગ્રંથ સૂચિ

## પ્રકરણ - ૧ : કૃતિલક્ષી વિવેચન : સ્વરૂપચર્ચા

પ્રસ્તુત પ્રકરણમાં કૃતિલક્ષી વિવેચનના સ્વરૂપ વિશે ચર્ચા કરી છે. ગુજરાતી વિવેચન પરંપરામાં સૈદ્ધાંતિક વિવેચન અને ગ્રંથવિવેચન-ગ્રંથાવલોકન જોવા મળે છે. આપણે ત્યાં વિવેચનની સંજ્ઞા જુદા જુદા સંકેતો ધરાવે છે. કૃતિલક્ષી વિવેચન એવો જ એક અર્થસંકેત ધરાવતી સંજ્ઞા છે. કૃતિલક્ષી વિવેચનમાં સૂક્ષ્મ સ્તરે કૃતિવિવેચન કરવામાં આવે છે.

આ પ્રકરણના આરંભમાં વિવેચનની સંજ્ઞા સમજાવી છે. એમાં ગુજરાતી ભાષાના આદ્યવિવેચક નવલરામથી અત્યાર સુધીના વિદ્વાનોના કૃતિલક્ષી વિવેચનાના વિવિધ મત રજૂ કર્યા છે અને તેનું વિવરણ કર્યું છે. ત્યારબાદ કૃતિલક્ષી વિવેચનના સ્વરૂપને સ્પષ્ટ કર્યું છે. સર્જકનું જીવન, જીવનદર્શન, પરંપરા, સંસ્કૃતિ કે અન્ય કશું

જ વચ્ચે લાવ્યા વિના કેવળ કૃતિને કેન્દ્રમાં રાખી સર્જકના સર્જનકર્મ-ભાષાકર્મનો પરિચય આપવો તે કૃતિલક્ષી વિવેચન. અર્થાત્ કેવળ કૃતિનિષ્ઠ રહી સર્જકે ઊભા કરેલા આકૃતિવિશેષની તપાસ કરવી તે કૃતિલક્ષી વિવેચન. આમ કૃતિલક્ષી વિવેચનમાં સર્જક શું કહેવા માગે છે, સર્જકે શું સર્જ્યું છે, સર્જક શું કરવા માગે છે એટલે કે સર્જકકર્મનો વિશેષ શો છે તે દર્શાવવામાં આવે છે. કૃતિલક્ષી વિવેચનની આ સમજને પ્રસ્તુત પ્રકરણમાં તબક્કાવાર પણ સમજાવી છે.

કૃતિલક્ષી વિવેચનની સ્વરૂપચર્ચા બાદ વિવેચનના વિવિધ પ્રકારોની નોંધ કરી છે. ગુજરાતી ભાષામાં 'વિવેચન' સંજ્ઞા સુપરિચિત પણ છે અને હાથવગી પણ! સાહિત્ય વિષયક લગભગ બધા જ લખાણોને સામાન્ય રીતે 'વિવેચન' તરીકે ઓળખાવવામાં આવે છે. પરંતુ વિવિધ વિવેચનભેદ વિશે સભાનતા જણાતી નથી. તેથી વર્ણન, અવલોકન, આસ્વાદ, અર્થઘટન, સમીક્ષા, મૂલ્યાંકન, તુલનાત્મક અધ્યયન વગેરે પ્રકારો વચ્ચે રહેલા સૈદ્ધાંતિક ભેદને સ્પષ્ટ કર્યો છે. એમાં જરૂર પડી ત્યાં પ્રમોદકુમાર પટેલ, રા૰વિ૰પાઠક, ચંદ્રકાન્ત ટોપીવાળા, સુરેશ જોષી અને અન્ય વિવેચકોના મત પણ રજૂ કર્યાં છે.

## <u>પ્રકરણ - ૨ : ગુજરાતી નવલકથા : 'સરસ્વતીચંદ્ર' પૂર્વે</u>

ગુજરાતી નવલકથાનું સ્વરૂપ બહુ જૂનું નથી. ગુજરાતી નવલકથાનો ઇતિહાસ આશરે દોઢસો વર્ષનો છે. અંગ્રેજી અને અન્ય યુરોપીય ભાષાની તુલનામાં આ ઘણો ટૂંકો ગાળો કહેવાય. આટલા ટૂંકા ગાળામાં ઘણી ગુજરાતી નવલકથાઓ રચાઈ છે, અને નવલકથા સ્વરૂપનો ઠીક ઠીક વિકાસ પણ થયો છે. 'સરસ્વતીચંદ્ર' પણ નવલકથા સ્વરૂપની કૃતિ છે. એટલે આ પ્રકરણમાં 'સરસ્વતીચંદ્ર'ની વિવેચન પરંપરાનો અભ્યાસ કરતા પહેલા ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર' પૂર્વે લખાયેલી 'કરણઘેલો' (નંદશંકર મહેતા - ઈ૰૧૮૬૬), 'સાસુવહુની લઢાઈ' (મહીપતરામ નીલકંઠ - ઈ૰ ૧૮૬૬), 'મુંદ્રા અને કુલીન' (જહાંગીર તાલીઆરખાન - ઈ૰ ૧૮૮૫) તથા 'હિંદ અને બ્રિટાનિયા' (ઈચ્છારામ દેસાઈ - ઈ૰ ૧૮૮૬) એ ચાર નવલકથાઓ વિશેનાં વિવેચનાત્મક નિરીક્ષણો ધ્યાનમાં રાખી, તેનો અભ્યાસ કર્યો છે. સાથે સાથે 'સરસ્વતીચંદ્ર' પૂર્વેની આ નવલકથાઓમાં ગુજરાતી ગદ્ય અને ભાષાશૈલીનો વિકાસ પણ તપાસ્યો છે.

## પ્રકરણ - ૩ : ગુજરાતી નવલકથા : 'સરસ્વતીચંદ્ર' પછી

આ પ્રકરણમાં એવી ગુજરાતી નવલકથાઓનો અભ્યાસ કર્યો છે, જે 'સરસ્વતીચંદ્ર'ના કોઈ ને કોઈ પ્રભાવમાં રચાઈ હોય અથવા 'સરસ્વતીચંદ્ર'થી પરિવર્તનનો દર્શાવતી હોય. એમાં 'સરસ્વતીચંદ્ર'નો પ્રભાવ ઝીલતી નવલકથાઓનો વિવેચનસંદર્ભ અને 'સરસ્વતીચંદ્ર'થી પરિવર્તન દર્શાવતી નવલકથાઓનો વિવેચનસંદર્ભ એમ બે વિભાગ પાડ્યા છે. ગુજરાતી નવલકથાના પ્રારંભકાળે 'સરસ્વતીચંદ્ર' જ એકમાત્ર નમૂનારૂપ અને સમકાલીન જીવન સમીક્ષા કરતી કૃતિ હતી. તેથી તેનો પ્રભાવ તેના અનુગામી લેખકની નવલકથા પર પડે તે સ્વાભાવિક છે. અલબત એ પ્રભાવ પ્રત્યક્ષ અને પરોક્ષ એમ બંને પ્રકારનો હોઈ શકે. પ્રસ્તુત પ્રકરણના પ્રથમ ભાગમાં કનૈયાલાલ મુનશીકૃત 'વેરની વસૂલાત', ધૂમકેતુની 'રાજમુગટ', મનુભાઈ પંચોળી 'દર્શક' લિખિત 'ઝેર તો પીધાં છે જાણી જાણી' અને મધુ રાયની 'કલ્પતરુ' પર 'સરસ્વતીચંદ્ર'નો કેવો અને કેટલો પ્રભાવ જોવા મળે છે એ રજૂ કર્યું છે. એમાં કોઈક નવલકથા સંપૂર્ણપણે 'સરસ્વતીચંદ્ર' પર જ આધારિત હોય, એનાં જ દરેક અંગો (કથા, પાત્રો, ભાષા...) પોતાની કૃતિમાં આલેખે છે. જેમ કે, 'વેરની વસૂલાત', અને 'ઝેર તો પીધાં છે જાણી જાણી'. જ્યારે 'રાજમુગટ'માં 'સરસ્વતીચંદ્ર'ના પ્રથમ અને ત્રીજા ભાગમાં આવતી રાજ ખટપટનું નિરૂપણ થયું છે. તો 'કલ્પતરુ' 'સરસ્વતીચંદ્ર'નાં ઉદ્દેશ્ય(પ્રજાની સેવા/પ્રજા કલ્યાણ)ને આગળ લઈ વધે છે.

પ્રકરણના બીજા ભાગમાં કનૈયાલાલ મુનશીની 'ગુજરાતનો નાથ', ર૦ વ૦ દેસાઈકૃત 'દિવ્યચક્ષુ', ઝવેરચંદ મેઘાણી લિખિત 'સોરઠ, તારાં વહેતાં પાણી' અને પન્નાલાલ પટેલની 'માનવીની ભવાઈ' કેવી રીતે 'સરસ્વતીચંદ્ર'ની અસરથી કેટલી મુક્ત રહી છે, અને તેનાંથી કેટલું પરિવર્તન દર્શાવે છે એનું આલેખન કર્યું છે. આ પરિવર્તન કથાવસ્તુ, પાત્રો, રચનારીતિ, ભાષા, સમય, નિરૂપણરીતિ જેવી બાબતમાં જોઈ શકાય છે. આમ આ પ્રકરણમાં અનુગામી નવલકથાઓ પર 'સરસ્વતીચંદ્ર'નાં પ્રત્યક્ષ કે પ્રછન્ન પ્રભાવની ચર્ચા કરવામાં આવી છે.

## પ્રકરણ - ૪ : સરસ્વતીચંદ્ર'નાં વિવેચનો : બદલાતી વિભાવનાઓના સંદર્ભે

ગોવર્ધનરામ ત્રિપાઠીકૃત 'સરસ્વતીચંદ્ર'ને કેન્દ્રમાં રાખતું આ પ્રકરણ મારા સંશોધનકાર્યનું હાર્દ છે. 'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામની એક ઉત્કૃષ્ટ નવલકથા છે. આ મૂળ કથા જેટલાં પૃષ્ઠોમાં સમાયેલી છે, એનાથી દસ

ગણાં પૃષ્ઠો જેટલું આ કૃતિનું વિવેચન ગુજરાતી સાહિત્યમાં થયેલું છે. અહીં 'સરસ્વતીચંદ્ર'નાં પ્રાપ્ય વિવેચનલેખોને નિમ્નલિખિત વિભાગોમાં વર્ગીકૃત કરી એનો સઘન અભ્યાસ કર્યો છે.

### ૪.૧ : 'સરસ્વતીચંદ્ર' : સંકલના અને સ્વરૂપ વિષયક વિવેચન

'સરસ્વતીચંદ્ર'ની સંકલના અને સ્વરૂપ વિષયક વિવેચનોને, કથાવસ્તુ-વસ્તુસંકલના, સમયસંકલના, આકાર-સ્વરૂપચર્ચા, 'સરસ્વતીચંદ્ર'ની કળાત્મકતા (વિશેષતા-મર્યાદા), કથનયુક્તિઓ અને નિરૂપણરીતિ એવાં વિભાગો અન્તર્ગત 'સરસ્વતીચંદ્ર' વિષયક એ વિવેચનલેખોનો અભ્યાસ કર્યો છે.

### ૪.૨ : 'સરસ્વતીચંદ્ર' : પાત્રલક્ષી વિવેચન

નવલકથામાં જેટલું વસ્તુનું મહત્ત્વ છે, એટલું જ મહત્ત્વ પાત્રનું પણ હોય છે. આ નવલકથામાં સરસ્વતીચંદ્ર, કુમુદ, કુસુમ, બુદ્ધિધન, ગુણસુંદરી, સૌભાગ્યદેવી, માનચતુર, અલકકિશોર આદિ પાત્રોનું સજીવ આલેખન થયું છે. આમાંના ઘણાં પાત્રો પર સ્વતંત્ર લેખો પણ થયા છે અને નવલકથાની સમગ્ર પાત્રસૃષ્ટિને લગતા લેખો પણ મળે છે. એ દરેક વિવેચનલેખો પરની સઘનચર્ચા આ વિભાગમાં કરવામાં આવી છે.

### ૪.૩ : 'સરસ્વતીચંદ્ર' : સઘન કૃતિચર્ચા

'સરસ્વતીચંદ્ર'ની સઘન કૃતિચર્ચાને લગતા વિવેચનોને પ્રકરણ ચર્ચા તથા પ્રસંગ ચર્ચા એમ બે પેટાવિભાગમાં વહેંચી, એ વિવેચનલેખોને ઐતિહાસિક ક્રમે ગોઠવી તપાસ્યા છે.

### ૪.૪ : 'સરસ્વતીચંદ્ર' : યુગસંદર્ભ - સાંસ્કૃતિક ચર્ચા

'સરસ્વતીચંદ્ર' ગોવર્ધનરામની પ્રચંડ પ્રતિભાના પરિપાક સમી નવલકથા છે. તે અર્વાચીનકાળની શ્રેષ્ઠ કથા જ માત્ર નથી, પણ તત્કાલીન યુગની સર્વાંગી જીવનસમીક્ષા પણ છે. ગોવર્ધનરામે તેમાં પ્રાચીન, પૂર્વ અને પશ્ચિમના ત્રિવેણીસંગમથી સામાજિક, રાજકીય કે ધાર્મિક ક્ષેત્રે જે-જે પ્રશ્નો ઉદ્‌ભવ્યા તેનું કલામય નિરૂપણ કર્યું છે, અને એના આદર્શ ઉકેલ પણ આપ્યા છે. એ ઉકેલોને વિવેચકોએ જે જે દષ્ટિકોણથી જોયા છે એને અનુલક્ષીને સમાજ-સંસારચિંતન, રાજ્યચર્ચા, ધર્મ ચિંતન જેવાં પેટા વિભાગોમાં તેની વિગતે ચર્ચા કરી છે.

## ૪.૫ : 'સરસ્વતીચંદ્ર' : ભાષાલક્ષી વિવેચન

સાહિત્યનું માધ્યમ ભાષા છે. સર્જકે જે કંઈ સિદ્ધ કરવાનું છે તે ભાષામાં ને ભાષા દ્વારા જ કરવાનું છે. ભાષા નવલકથાનું એક અગત્યનું ઘટક છે. ગોવર્ધનરામે પોતાના વ્યક્તિત્વના સ્પર્શથી ગદ્યને ચેતનવંતુ-બળકટ બનાવ્યું છે. વળી, સંસ્કૃતના ગહન અભ્યાસને કારણે તેઓ પદાવલી, દીર્ઘવાક્યરચના, આલંકારિક વર્ણનો કળાત્મક રીતે પ્રયોજે છે. જે મનહર અને મનભર હોવાથી આપણાં ચિત્ત પર ઊંડા સંસ્કાર પાડે છે. એનો અભ્યાસ પણ ગુજરાતી વિવેચનમાં થયો છે. ભાષાસંબંધી આ વિવેચનલેખોને 'સરસ્વતીચંદ્ર'નું ગદ્ય, 'સરસ્વતીચંદ્ર'નું પદ્ય, અને 'સરસ્વતીચંદ્ર'માં આવતાં વર્ણનો એવા પેટાવિભાગો અન્તર્ગત અભ્યાસ કર્યો છે.

## ૪.૬ : 'સરસ્વતીચંદ્ર' : વિવેચનનું વિવેચન (વિશિષ્ટ ચર્ચા)

'સરસ્વતીચંદ્ર' નવલકથા પર વિવિધ વિવેચનલેખો મોટા પ્રમાણમાં પ્રાપ્ત થાય છે, એટલું જ નહીં, સાથે સાથે એ વિવેચનલેખોનું પણ વિવેચન થયું છે. રમણભાઈ નીલકંઠનું વિશ્વનાથ વૈદ્યનાં અવલોકન પરનું અવલોકન ઘણું નોંધપાત્ર છે. આ અને આવાં બીજાં વિવેચનના વિવેચનની અહીં ચર્ચા કરી છે.

## ૪.૭ : 'સરસ્વતીચંદ્ર' અને અન્ય કૃતિઓ (તુલનાત્મક ચર્ચા)

'સરસ્વતીચંદ્ર' નવલકથાએ ગોવર્ધનરામને બહોળી પ્રસિદ્ધિ અપાવી છે. ગુજરાતી વિવેચકોએ તેની ભારતીય ભાષાની અન્ય કૃતિઓ તથા વિશ્વસાહિત્યની કૃતિઓ સાથે સરખામણી કરી છે. સાથે સાથે સાહિત્યકૃતિને આધારે બનેલા સિનેમા અને મૂળ કૃતિની સઘન તુલના પણ પ્રાપ્ત થાય છે. આવા કેટલાક નોંધપાત્ર તુલનાત્મક અભ્યાસલેખો આ વિભાગમાં ઐતિહાસિકક્રમે મૂકી તેનું વિવરણ કર્યું છે.

## ૪.૮ : 'સરસ્વતીચંદ્ર' : અન્ય વિવેચનલેખો

'સરસ્વતીચંદ્ર' પર થયેલી ટૂંકી નોંધથી લઈને, કૃતિનાં વિશેષ મુદ્દાને આધારે થયેલી વિવેચનાનો અહીં અભ્યાસ કર્યો છે. એમાં 'ગોવર્ધનરામની પ્રીતિમીમાંસા', 'ગોવર્ધનરામની યજ્ઞમીમાંસા', 'સરસ્વતીચંદ્રનું નાટ્યકરણ', 'કુમુદસુન્દરી - એક નાટ્યકૃતિ', 'સરસ્વતીચંદ્ર'માં મનોવૈજ્ઞાનિક નિરૂપણ' વગેરે વિશિષ્ટ ચર્ચાલેખને તપાસ્યાં છે.

## ૪.૯ : 'સરસ્વતીચંદ્ર' : સમગ્રલક્ષી વિવેચના

જેમ નવલકથાનાં ઘટકતત્ત્વોને ધ્યાનમાં રાખીને એનું વિવેચન થયું છે, એમ એની સમગ્રલક્ષી વિવેચના પણ પ્રાપ્ત થાય છે. એ સમગ્રલક્ષી વિવેચનામાં ગુજરાતી વિવેચકોએ નવલકથાના દરેક અંગોને કેવી રીતે તપાસ્યાં છે, ન્યાય આપ્યો છે એનો ઉદાહરણ સહિત અભ્યાસ આ વિભાગમાં કર્યો છે.

## ૪.૧૦ : ગોવર્ધનરામ : સર્જક વિશેષ

'સરસ્વતીચંદ્ર' નવલકથાની તપાસ કરતા વિવેચનો પ્રાપ્ત થાય છે, એમ ગોવર્ધનરામ માધવરામ ત્રિપાઠીનો પરિચય કરાવતા લગભગ પચાસથી વધુ લેખ પણ મળે છે. અલબત્ત એમાં એમના અન્ય સર્જનને પણ આવરી લેવામાં આવે છે. એ દરેક વિવેચનલેખોમાં મોટેભાગે સર્જકના જન્મથી માંડી, તેમનું બાળપણ, શાળા તેમજ કૉલેજમાં મેળવેલ શિક્ષણ, યુવાનવયે કરેલા ત્રણ મહત્ત્વનાં સંકલ્પો, તેમણે મેળવેલી સિદ્ધિઓ, ખરાબ આર્થિક પરિસ્થિતિને કારણે ભાવનગરમાં કરેલી નોકરી, નાદુરસ્ત તબિયત, સફળ વકીલાત, સ્વૈચ્છિક પૂર્વઆયોજિત પ્રવૃત્તિમય નિવૃત્તિ, જીવનભર વેઠવી પડેલી મુશ્કેલીઓ, બિમારી અને અવસાન. એમ એમના જીવનની નોંધપાત્ર ઘટનાઓને આધારે ગોવર્ધનરામ ત્રિપાઠીના વ્યક્તિત્વની લાક્ષણિકતાઓ-વિશેષતાઓ પર આ લેખોમાં પ્રકાશ પાડવામાં આવ્યો છે. અહીં ગોવર્ધનરામનો પરિચય કોઈ જુદા જ દૃષ્ટિકોણથી કરાવવામાં આવ્યો હોય તેવા કેટલાક લેખોની નોંધ લીધી છે.

## ૪.૧૧ : 'સરસ્વતીચંદ્ર' : આકલન અને પ્રતિભાવ

'સરસ્વતીચંદ્ર'કાર ગોવર્ધનરામ ત્રિપાઠીનો પરિચય કરાવ્યા બાદ, કૃતિની કથાવસ્તુ, વસ્તુસંકલના, પાત્રસૃષ્ટિ, ભાષાશૈલી, 'સરસ્વતીચંદ્ર'માં યુગસંદર્ભ-સાંસ્કૃતિક ચર્ચા કરી છે. એ પછી વિશેષતા-મર્યાદા દર્શાવી નવલકથાકારની ચિંતનાત્મક ભૂમિકાએથી આદર્શગ્રામ, આદર્શ પ્રેમ, આદર્શ ગૃહિણી, આદર્શ રાજા, આદર્શ મિત્ર, કેવા હોય તેની સમીક્ષા કરી છે.

## પ્રકરણ - ૫ : ગુજરાતી સાહિત્યમાં 'સરસ્વતીચંદ્ર'ની વિવેચન પરંપરા : નિષ્કર્ષો

પ્રસ્તુત પ્રકરણમાં સમગ્ર શોધનિબંધમાંથી પસાર થતાં પ્રાપ્ત થયેલ નિષ્કર્ષો રજૂ કર્યાં છે. એમાં ગુજરાતી સાહિત્યની પ્રથમ નવલકથા 'કરણઘેલો'થી લઈ, 'સરસ્વતીચંદ્ર' તથા એના પ્રભાવે લખાયેલી ગુજરાતી નવલકથાઓ વિશેનાં અને 'સરસ્વતીચંદ્ર'થી પરિવર્તન દર્શાવતી ગુજરાતી નવલકથાઓને લગતાં તારણો રજૂ કર્યાં છે. સાથે સાથે નવલકથામાં વ્યક્ત થતા ગોવર્ધનરામના યુગબોધ-ઇતિહાસબોધને પણ દર્શાવ્યો છે.

### સામયિકલેખ સૂચિ

સંશોધનકાર્ય માટે ઉપયોગમાં લીધેલ સામયિકોની સૂચિ અત્રે રજૂ કરી છે.

### સંદર્ભગ્રંથ સૂચિ

સંશોધનકાર્ય માટે ઉપયોગમાં લીધેલ સંદર્ભગ્રંથોની સૂચિ અત્રે રજૂ કરી છે.